C.C.NO-3918/2025

-----------------------------------------------

મહે. અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:છોટાઉદેપુર.

-----------------------------------------------

**GJCU020051842025**

ફો. કેસ નં. ૩૯૧૮/૨૦૨૫

આંક:-૦૪

-----------------------------------------------

<u>ફરીયાદી</u> :- શ્રી સ ર કા ર ...

વિરૂધ્ધ.

<u>આરોપી</u> :- ગણપતભાઈ રામસીંગભાઈ રાઠવા

રહેવાસી.બીલવાંટ. તા.જી.છોટાઉદેપુર.

-----------------------------------------------

ગુનો:- પ્રોહીબીશન ની કલમ:- ૬૫ એએ, મુજબ....

-----------------------------------------------

-:: ઠ રા વ ::-

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે દેશી દારૂ લીટર-૦૩ ની કિ. રૂા-૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આંક-૦૪ થી આરોપી ની પ્લી નોધવામાં અવેલ છે જે પ્લીમાં આરોપી એ ગુનાનો એકરાર કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક-૦૫ થી રેકર્ડ ઉપર નોધવામાં આવેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશમા જણાવે છે કે, અમો આરોપી સદરહુ કામે ગુન્હાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરી જણાવીએ છીએ કે અમો ગરીબ વર્ગના છીએ બાળબચ્ચાવાળા છીએ સદરહુ ગુન્હો અમોથી ભુલમા થયેલુ છે અને તે ગુન્હો કરવાનો અમારો બદઈરાદો ન હતો.અમારો કોઈ ગુન્હાઈત ઈતીહાસ નથી.અમો રીઢા ગુનેગાર નથી.અને આ પછી ગુન્હાનું પુનરાવર્તન અમો નહી કરીએ તેની ખાતરી આપીએ છીએ. તેથી

એક સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપીને અમને હળવી સજા કરવા વિનંતી કરીએ છીએ.

હાથ ઉપરના કેસમાં આરોપી કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ ના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમ ગુન્હો હોવાનું ણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર  ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્ર માણેનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આ કામના આરોપી ને બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ મુજબ થી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– *૬૫ એ.એ* મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા રૂા. ૩૦૦/– ( અંકે રૂપિયા ત્રણસો પૂરા) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ  ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.અને જો કોઈ વચગાળાનો હુકમ થયેલ નહોય તો અપીલ સમય બાદ સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૩ મી સપ્ટેમ્બર  ૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામા આવે છે.

(અમીષ પ્રફુલચંદ્ર જોષી)
એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક
છોટાઉદેપુર
( Judge Code:- GJ01446)

સ્થળ :– છોટાઉદેપુર

તારીખ :–૧૩/૦૯/૨૦૨૪

Receipt No.-____________/2025

Received Rs. 300/- THREE hundred Rupees Only

Date-13/09/2025 Nazir

C.J.M Court Chhotaudepur